
જૂન ૨૦૦૯ | દાદા ભગવાન પરિવારનું | કિંમત રૂ. ૧૨/-

# અક્રમ એક્સપ્રેસ

## મશ્કરીના જોખમો



# અક્રમ એક્સપ્રેસ

## મશ્કરીના જોખમો

બાળમિત્રો,

આપણે હાલતાં-ચાલતાં કોઇની ને કોઇની મશ્કરી કરતાં જ હોઇએ છીએ અને એનો આનંદ પણ લેતાં હોઇએ છીએ. મશ્કરી કરતી વખતે આપણને જરાય ખ્યાલ નથી રહેતો કે સામેવાળાને કેટલું દુઃખ થાય છે! આપણે તો તે વખતે આપણી મસ્તીમાં હોઈએ છીએ. કોઈ આપણને આવું કરતા ટોકે તો પણ આપણે સામું એવું જ કહેતા હોઈએ છીએ કે આમાં ખોટું શું લગાડવાનું, આ તો ફક્ત મજાક છે!

હવે જો આ મશ્કરીના જોખમો આપણે જાણીએ તો જ આવું કરવાથી પાછા વળાય. પરમ પૂજ્ય દાદાશ્રીએ આમાં મશ્કરી કરવાના જોખમો સમજાવ્યા છે.

તો ચાલો, આપણે પણ એની ગંભીરતા સમજીને આવું કરતા અટકીએ.

- ડિમ્પલ મહેતા

## અનુક્રમણિકા


દાદાજી કહે છે........................ ૧
મશ્કરીનો દંડ.......................... ૨
આ તો નવી જ વાત!................ ૪
મશ્કરીની સામે....................... ૬
તમારી જાતને ચકાસી જુઓ!......... ૯
ઐતિહાસિક ગૌરવગાથાઓ.......... ૧૦
મીઠી યાદેં............................. ૧૨
બાળકો સાથે પૂજ્યશ્રી.............. ૧૩
વાર્તાલેખન સ્પર્ધાનું પરિણામ........ ૧૪



તંત્રી તથા સંપાદક :
ડિમ્પલભાઈ મહેતા
વર્ષ : ૧, અંક : ૧૦
સળંગ અંક : ૧૦
જૂન ૨૦૦૭



સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org

અમદાવાદ: (૦૭૯)
૨૭૫૪૦૪૦૮,૨૭૫૪૩૯૭૯
રાજકોટ ત્રિમંદિર : ૯૨૭૪૧૧૧૩૯૩
વડોદરા : (૦૨૬૫) ૨૪૧૪૧૪૨
મુંબઈ : ૯૩૨૩૫૨૮૯૦૧-૦૩
U.S.A.: ૭૮૫-૨૭૧-૦૮૬૯
U.K.: ૦૭૯૫૬૪૭૬૨૫૩
Website: kids.dadabhagwan.org



Publisher,Editor & Printed,
Published from
Dimplebhai Mehta on behalf of
Mahavideh Foundation
5, Mamtapark Society,
Bh. Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

Print at:-
Amba Offset
Basement, Parshvanath
Chambers, Nr.RBI,
Usmanpura, Ahmedabad-14.

લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૧૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૪૫૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૪૦ પાઉન્ડ
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# દાદાજી કહે છે

બીજાની મશ્કરી કરો એ તો બહુ ખોટું કહેવાય. કારણ કે મશ્કરી (એની મહીં રહેલા) ભગવાનની થઈ કહેવાય. છેવટે તો એ ભગવાન જ છે ને! જીવમાત્રમાં ભગવાન જ રહેલા છે ને! મશ્કરી કોઈની કરાય નહીં! આપણે કોઈના ઉપર હસીએ ને, તો ભગવાન જાણે કે 'તું મારી મશ્કરી કરે છે! હવે તું મારા લાગમાં આવ, તને ઠેકાણે લાવી દઈશ.

કોઈ આમ આમ (પગે લંગડાતા) ચાલતા હોય, એને જોઈને આપણાં લોકો હસે. અલ્યા, શું મશ્કરી કરે છે? મહીં ભગવાન સમજી ગયા બધું! એની આવી દશા થઈ, તેની પર તું મશ્કરી કરું છું? તારી ય એવી દશા થશે! આવો નિયમ જ છે! માટે આપણાથી આવી મશ્કરીઓ ના થાય એટલું સાચવો.

તમને એમ લાગે છે કે આ ગધેડા જેવો માણસ છે પણ 'આફ્ટર ઓલ' એ શું છે, એ તપાસ કરી લો! 'આફ્ટર ઓલ' એ તો ભગવાન જ છે ને!

મશ્કરી એ તો ભયંકર જોખમ છે, ગુનો છે! મશ્કરી તો કોઈનીય ના થાય.

પ્રશ્નકર્તા : મશ્કરી કરવામાં જોખમ શું શું આવે? કઈ જાતનાં જોખમ આવે?

દાદાશ્રી : મશ્કરી કરવાને લઈને જ આ બધા દવાખાનાં ઊભાં થયાં છે. આ પગ-બગ બધા જે ભંગાર માલ છે ને, તે મશ્કરીઓનું ફળ છે.

પ્રશ્નકર્તા : હવે એના ઉપાયમાં પ્રતિક્રમણ તો કરવાં જ પડે ને?

દાદાશ્રી : હા, કરવાં જ પડે ને! છૂટકો જ નહીં. 'દાદા! આપની સાક્ષીએ આ વાણી દોષથી જે જે લોકોને દુઃખ થયું હોય તે બધાની ક્ષમા માગું છું.' આ રીતે બોલોને, તોય ચાલે.



ગાર્ડનમાં રમતાં રમતાં બધા છોકરાંઓ દીપને 'ઢબ્બુ, ઢબ્બુ' કહીને મશ્કરી કરવા લાગ્યા અને જોર જોરથી હસવા લાગ્યા. દીપ આ જોઈ ઢીલો પડી ગયો. મનોજકાકા બાંકડે બેઠા બેઠા આ દૃશ્ય જોઈ રહ્યા હતા. એમણે બધા બાળકોને પાસે બોલાવી કહ્યું, 'એક વાર્તા કહું, તમે બધાં સાંભળશો ?'


વાર્તા સાંભળવી કોને ન ગમે ? બધા બાળકો ખુશ થઈને મનોજકાકાની આજુબાજુ ગોઠવાઈ ગયા. મનોજકાકાએ વાર્તા શરૂ કરી. પહેલાના જમાનાની વાત છે. એક મહાન ઋષિ હતા. તમને ખબર છે, ઋષિ શું કરે ? કોઈ કહે, 'તપ કરે' તો વળી કોઈએ કહ્યું, 'ધ્યાન કરે.'

મનોજકાકાએ કહ્યું, 'સાચી વાત છે. ઋષિઓ હંમેશા તપસ્વી કહેવાય. તેઓ તેમનું આખું જીવન સાધનામાં જ ગાળે. આ ઋષિ જન્મ્યા ત્યારથી એમના બધા અંગો વાંકા હતા. મોટા થતાં એ વાંકા વળીને જ ચાલતા હતા. સરખા ચાલી ન શકે, ઉઠી-બેસી ન શકે. એક મહાન ઋષિ હોવા છતાં એમના બધા અંગો વાંકા કેમ હતા ? ખબર છે કોઈને ?'

બાળકોએ ઉત્સુકતા સાથે 'ના' કહી માથું હલાવ્યું.

મનોજકાકા બોલ્યા, 'ઋષિએ એમના

# મશ્કરીનો દંડ



આગલા જન્મમાં આવા જ એક અપંગ વ્યક્તિની મશ્કરી કરી ખૂબ આનંદ લીધો હતો. એના દંડ સ્વરૂપે એમને બીજા જન્મમાં એવા જ અપંગ બનવું પડ્યું.'



આટલું બોલી મનોજકાકાએ ચૂપ થઈ બધા બાળકો સામે જોયું, પછી બોલ્યા, 'નિયમ કેવો છે કે, તમે જેની મશ્કરી કરો એના જેવા તમારે કોઈ જન્મમાં થવું પડે. તમે કોઈને ગધેડો કહો તો તમારે ગધેડા થવું પડે. તમે કોઈને 'અક્કલ વગરનો' કહો તો તમારે પણ અક્કલ વગરના થવું પડે ને તમે કોઈને 'ઢબ્બુ' કહો તો તમારે પણ 'ઢબ્બુ' બનવું પડે.'

આ સાંભળી બધાને પોતાની ભૂલ સમજાઈ ગઈ. બધાએ દીપની માફી માંગી અને ફરી ક્યારેય કોઈની મશ્કરી નહીં કરે એવું નક્કી કર્યું.

તો જોયું બાળમિત્રો, આજ પછી તમે પણ કોઈની મશ્કરી નહીં કરોને!





મશ્કરી કરવી એ આપણી
બુદ્ધિનો દુરુપયોગ કર્યો કહેવાય.
વધારે બુદ્ધિથી ઓછી
બુદ્ધિવાળાની મશ્કરી
કરે એ દુરુપયોગ.

# આ તો



કોઈને ધોલ મારી
હોય ને જે જોખમ
આવે તેના કરતાં
આ મશ્કરી કરવામાં
અનંતગણું જોખમ છે.





જેની મશ્કરી કરીએ
એના જેવો એક
અવતાર આપણે
પણ કાઢવો પડે
આવો નિયમ જ છે !

# નવી જ વાત!




એવી મશ્કરી કરવામાં
વાંધો નથી કે જેનાથી
કોઈને દુઃખ ના થાય
અને બધાને આનંદ થાય.
એને નિર્દોષ ગમ્મત કહી છે.

# મશ્કરીની સામે



અરે, પપ્પુને તો નબળાઈ વધતી જ જાય છે.
મમ્મી પપ્પુને ડૉક્ટર પાસે લઈ જાય છે.
પપ્પુ, તારા શરીરમાં વિટામીન ઘટી ગયા છે. આ શું હાલત બનાવી છે તારી?


પપ્પુનો ચહેરો ચિંતીત જોઈ,
પપ્પુ, સ્કૂલમાં બધું બરાબર ચાલે છે ને?
બધા મને જાડિયો કહીને ચીડવે છે. તેથી હું બહુ અપસેટ રહું છું. આ કારણે મેં ખાવાનું ઓછું કરી નાખ્યું છે.
તું ક્યારેય ફૂટબોલથી રમ્યો છે ?
હા.
તો તને ખબર જ હશે કે સામેવાળાને રમવાની મજા ક્યાં સુધી આવે? જ્યાં સુધી તું રમે ત્યાં સુધી જ. તું રમવાનું બંધ કરી દે તો સામેવાળો પણ બંધ કરી દે.
એ જ રીતે સામેવાળાને આપણી મશ્કરી કરવાની ત્યાં સુધી જ મજા આવે, જ્યાં સુધી આપણે ચિડાયા કરીએ.




તે દિવસથી પપ્પુએ મશ્કરી કરનાર સામે ચિડાવાનું છોડી દીધું અને સ્વસ્થ રહેવા લાગ્યો. ધીમે ધીમે બધાએ એની મશ્કરી કરવાનું બંધ કરી દીધું.

મિત્રો, લોકો ત્યાં સુધી જ તમારી મશ્કરી કરશે જ્યાં સુધી તમને એની અસર થઈ જાય છે. માટે અસરથી મુક્ત થઈ જાઓ. પછી જુઓ, મશ્કરી પણ બંધ થઈ જશે.

# તમારી જાતને ચકાસી જુઓ !



ટીનુ મીનુને ચેસ શીખવાડી રહી હતી.

ટીનુઃ આ છે રાજા. મારા જેવો શક્તિશાળી. આ છે વજીર. હોંશિયાર અને ચાલાક, મારા જેવો. તારા જેવો બુદ્ધુ નહીં. આ છે ઊંટ, જેના બધા જ અંગ વાંકા હોય. આપણી શેરીમાં પેલો ભિખારી બેસે છે ને એના જેવો અને આ છે સૌથી ઝડપી ઘોડો, આપણા રામુકાકા જેવો ધીમો ધીમો નહીં.

મીનુઃ ટીનુ, તારે આવી રીતે બધાની મશ્કરી જ કરવી હોય તો મારે ચેસ રમતાં નથી શીખવું.

ટીનુઃ અરે! હું તો ગમ્મત કરું છું. તને ચેસ રમતાં ન શીખવું હોય તો વાંધો નહીં. આમેય આ રમત શીખવી એટલે બુદ્ધિશાળીઓનું કામ છે, તારા જેવા બુદ્ધુનું નહીં.

મીનુઃ સારું પણ મને લાગે છે કે તું મશ્કરીઓ કરીને તારી બુદ્ધિનો દુરુપયોગ કરી રહી છે.

## તમને શું લાગે છે?

૧) કોઈની મશ્કરી...
- અ) હંમેશા કરાય
- બ) ક્યારેક કરાય
- ક) ક્યારેય ન કરાય.

૨) મશ્કરી હંમેશા...
- અ) ઓછી બુદ્ધિવાળો વધુ બુદ્ધિવાળાની કરે.
- બ) વધુ બુદ્ધિવાળો ઓછી બુદ્ધિવાળાની કરે.
- ક) કોઈ પણ કરે.

૩) નિર્દોષ આનંદમાં...
- અ) મશ્કરી ચાલે
- બ) પુણ્ય બંધાય.
- ક) કોઈને દુઃખ ન થાય અને બધાને આનંદ થાય.

૪) બીજાની મશ્કરીનું પરિણામ...
- અ) આપણને આનંદ થાય
- બ) જેની મશ્કરી કરીએ એના જેવો એક અવતાર કાઢવો પડે.
- ક) સામો પણ ખુશ થાય.


૫) કોઈની મશ્કરી ન કરાય કારણ કે...
- અ) બધામાં ભગવાન રહેલા છે. એ ભગવાનની મશ્કરી કર્યા બરાબર ગણાય.
- બ) પછી એ આપણી પણ મશ્કરી કરે.
- ક) સામાને નુકસાન થાય.

જવાબ : ૧)-ક, ૨)-બ, ૩)-ક, ૪)-બ, ૫)-અ

# ઐતિહાસિક ગૌરવગાથાઓ

ઋષભદેવ ભગવાનનું નામ તો તમે બધાએ સાંભળ્યું જ હશે. ઋષભદેવ ભગવાનને સો પુત્રો હતા અને બે પુત્રીઓ હતી, બ્રાહ્મી અને સુંદરી. ઋષભદેવ ભગવાન ઘણા વર્ષો સુધી રાજા તરીકેની પોતાની ફરજ નિભાવે છે. એમના રાજ્યના લોકોને ખેતીવાડી, ભણતર, વ્યવહાર બધો શીખવાડે છે. પછી તેઓ સંસારનો ત્યાગ કરી, મોક્ષ માટે સાધના કરવા જંગલમાં નીકળી પડે છે. તેમની સાથે તેમના મોટા બે પુત્રો ભરત અને બાહુબલી સિવાયના ૯૮ પુત્રો અને પુત્રી સુંદરી પણ દીક્ષા લે છે. સાથે તેમના ખંડણી રાજ્યોના ૪૦૦૦ રાજાઓ પણ દીક્ષા લે છે.

ભરત મોટો પુત્ર હોવાથી ઋષભદેવ ભગવાન એને રાજગાદી સોંપે છે અને બાહુબલીને એક મોટું રાજ્ય આપે છે. હવે રાજા ભરત છ ખંડનો રાજા થવા માંગે છે તેથી તે બાહુબલીનું રાજ્ય મેળવવા એની જોડે યુદ્ધ કરવા તૈયાર થાય છે. બાહુબલી પણ પોતાની શક્તિનો પરચો દેખાડવા યુદ્ધ સ્વીકારે છે. બન્ને ભાઈઓ ખૂબ જ બળવાન છે. એક બાજુ ભરત ચક્રવર્તી. ચક્રવર્તી એટલે એવા રાજા કે જેને કોઈ પણ હરાવી ન શકે. આખી પૃથ્વીના રાજ્યો એ જીતી લે. અને બીજી બાજુ બાહુબલી, જેમના બાહુ એટલે કે હાથમાં એટલું બધું બળ હોય કે એનો સામનો કોઈ ન કરી શકે. એ પોતાનો હાથ જો કોઈના માથા પર મારે તો એ વ્યક્તિ ત્યાં ને ત્યાં જ મરી જાય. હવે જો આ બે



મહારથીઓ યુદ્ધ કરે તો આખી પૃથ્વીનો સંહાર થઈ જાય એટલુ મોટું યુદ્ધ થાય. તેથી દેવલોકો એમને વિનંતી કરે છે કે જો આપ યુદ્ધ કરવા માંગો જ છો તો કાયયુદ્ધ કરો જેથી સૈન્ય બચી જાય. કાયયુદ્ધ એટલે કુસ્તી. જે જીતે એને ચક્રવર્તીનું રાજ મળે. બન્ને ભાઈઓ દેવોની વિનંતી સ્વીકારે છે.

યુદ્ધ શરૂ થાય છે. અલગ અલગ રીતોથી કુસ્તીના દાવ રમાય છે. બાહુબલી બધામાં જીતતા જાય છે અને ભરત રાજા હારતા જાય છે. યુદ્ધ જીતવા અંતે બધી શક્તિ ભેગી કરી ખૂબ જ ક્રોધમાં આવી બાહુબલી મુઠ્ઠી ઉગામી ભરતના માથા પર પ્રહાર કરવા જાય છે, ત્યાં જ....


એમને અચાનક અંદર વિચાર આવે છે કે, 'આ હું શું કરી રહ્યો છું? મારા જ મોટા ભાઈને મારી નાખવા તૈયાર થઈ ગયો ? અને તે શેના માટે ? આ રાજ્ય અને વૈભવ માટે? જેના ખરેખર અધિકારી તો તેઓ જ છે, કારણકે તે મારાથી મોટા છે અને મારા પિતાએ જ તેમને આ રાજ્ય સોંપ્યું છે અને આ વૈભવ ને બધું તો વિનાશી છે. મારા પિતા અને ભાઈઓ આ જ વૈભવને છોડી સંયમના માર્ગે ચાલ્યા ગયા અને હું આ જ વૈભવ માટે આવી હિંસા કરવા તૈયાર થઈ ગયો? ધિક્કાર છે.'

આમ પોતાના આત્મા આગળ, મોક્ષ આગળ, આ બધાની કંઈ જ કિંમત નથી એ સમજાતા એમને વૈરાગ્ય આવે છે અને જે હાથ એમણે ભાઈને મારવા ઊગામેલો તે જ હાથથી પોતાના વાળને ખેંચી, મુંડન કરે છે અને દીક્ષા લઈ જંગલમાં સાધના માટે ચાલ્યા જાય છે.

આપણે પણ આપણા જીવનમાં નાની નાની વસ્તુઓ માટે ભાઈ-બહેન કે મિત્રો સાથે ઝઘડો કે મારામારી કરી બેસીએ છીએ, જ્યારે ભગવાનની દૃષ્ટીમાં તો મોક્ષમાં કાયમનું સુખ છે, આત્મામાં કાયમનું સુખ છે. એ સુખની સામે રાજ-વૈભવની પણ કંઈ કિંમત નથી. અને આપણે તો મોક્ષે જવું છે ને?

વધુ આવતા અંકે

> આ હું શું કરી રહ્યો છું ? મારા જ મોટા ભાઈને મારી નાખવા તૈયાર થઈ ગયો ?
> અને તે શેના માટે ?
> આ રાજ્ય અને વૈભવ માટે ?



# મીઠી યાદેં

દાદાના વખતની વાત છે. એક યુવાન ભાઈ દાદા પાસે સત્સંગમાં આવ્યો હતો. સત્સંગમાં પાછળ છેક છેલ્લે બેઠો રહ્યો હતો. દાદા બધી સત્સંગની વાતો કરતા હતા. થોડીવાર પછી છેલ્લે બેઠેલો એ ભાઈ ઊભો થઈને ચાલવા માંડ્યો. દાદાએ આ જોયું. દાદાએ તરત એ ભાઈને પૂછ્યું," ભાઈ, ક્યાં જાવ છો ? તમને કાંઈ ના ગમ્યું ?'' પેલા ભાઈએ તો ધડ દઈને જવાબ આપ્યો," ના, કાંઈ ગમ્યું નહીં.'' દાદાએ પૂછ્યું," તમને શું ના ગમ્યું ? તમે દાદાની કોઈ ચોપડી વાંચી છે?'' પેલો ભાઈ બોલ્યો," હા, વાંચી છે. તમારી આફતવાણી વાંચી છે.'' આટલી મશ્કરી કરે છે તોય દાદાની સ્થિરતા એવી ને એવી જ હતી. દાદાએ એ જ સ્થિરતાથી એને પૂછ્યું, ''એમ? એમાં તને શું આફત લાગી?'' ત્યારે પેલો કહે, " દાદા, એમાં બધું આફત જ છે ને?'' દાદા કહે, ''એમ? સારું.'' આમ કહી દાદા પાછા બીજા લોકો સાથે વાતો કરવા લાગ્યા. એટલે પેલો ભાઈ ફરીથી ઊભો થઈને ચાલવા લાગ્યો. દાદાએ ફરી પૂછ્યું, ''ભાઈ, ક્યાં જાય છે?'' તો કહે, " બસ, હવે મને મોડું થાય છે. હું જાઉં છુ.'' દાદા કહે, " તું અહીં આવ્યો છે તો એમ ને એમ જાય એ ન ચાલે. કાંઈક પ્રસાદ લઈને જા.'' પેલો કહે, " ના, હું કશું નથી ખાતો-પીતો. મારે કંઈ નથી લેવું.'' દાદા કહે, " એવું ના ચાલે. તું આવી રીતે દુઃખી થઈને જાય એ અમને ન ગમે. કાંઈક લઈને જા.'' દાદાએ ખૂબ આગ્રહ કર્યો છતાં પેલો માને જ નહીં. ચાની ના, કોફીની ના અને દૂધની યે ના. બસ, જવું છે એનું જ રટણ. ત્યાં તો દાદા એકદમ પ્રેમથી બોલ્યા," અરે! એક વાર અમારા પ્રેમથી પાયેલું દૂધ તો પી જો!'' આમ કહી દાદાએ તો દૂધ મંગાવ્યું. દાદાએ એમાંથી અડધું પીધું અને અડધું પેલા ભાઈને પીવડાવ્યું. પેલો ભાઈ તો ખુશ થઈ ગયો. પીધા પછી દાદા પેલા ભાઈને કહે," હવે જા.'' અને એને પ્રેમથી ખુશ કરીને વિદાય કર્યો.

જોયું મિત્રો, ગમ્મે તેવી મશ્કરીઓ સામે જ્ઞાની કેવી ગજબની સ્થિરતા ધારણ કરી શકે છે! મશ્કરી કરનાર પર પણ એમનો પ્રેમ એવો ને એવો જ રહે છે. એમાં કોઈ ફેરફાર નહીં.



# બાળકો સાથે પૂજ્યશ્રી

પ્રશ્નકર્તાઃ 'દાદા ભગવાનના અસીમ જય જયકાર હો' એનો અર્થ શું થાય ?

પૂજ્યશ્રીઃ દાદા ભગવાન કોને કહીએ છીએ આપણે?

પ્રશ્નકર્તાઃ દાદા ભગવાન એટલે મહીં બિરાજેલા શુદ્ધાત્માને.

પૂજ્યશ્રીઃ હા, મહીં બિરાજેલા આત્મા, પ્રગટ આત્મા, ચૌદ લોકનો નાથ છે એ દાદા ભગવાન છે અને એમના આપણે અસીમ જય જયકાર કરીએ છીએ. અસીમ જય જયકાર એટલે શું ? અસીમ એટલે અનલિમિટેડ, અનંતવાર. અને કોની ભક્તિ કરીએ છીએ ? અંદરવાળા આત્માની. એટલે આત્માની ભક્તિ કરો તો આપણને શું થાય ફાયદો ? તો કે આપણને જ્ઞાન પ્રગટ થાય, આનંદ પ્રગટ થાય. જ્ઞાન અને આનંદ પ્રગટ થવાથી આપણને ભણવામાં સ્થિરતા આવે, દુઃખોથી મુક્તિ થાય. એ ભગવાનને યાદ કરીએ તો બધું મળતું જાય.

પ્રશ્નકર્તાઃ કેમ અંદરવાળા ભગવાનની?

પૂજ્યશ્રીઃ દાદા પોતે જ કહેતા કે અમારે ચાર ડીગ્રી ખૂટે છે. પૂર્ણદશા થવા માટે અમે જ અમારા અંદરવાળા ભગવાનની ભક્તિ કરીએ છીએ. આપણને થોડી ઘણી ખૂટતી હશે ને ?

પ્રશ્નકર્તાઃ હા.

પૂજ્યશ્રીઃ કેટલી ખૂટતી હશે ?


પ્રશ્નકર્તાઃ ઘણી બધી.

પૂજ્યશ્રીઃ તો આપણે પણ આપણા અંદરવાળા ભગવાનની ભક્તિ કરીએ ને ? કારણ સાચા ભગવાન આપણી અંદર જ છે. દરેક જીવમાત્રની અંદર બેઠા છે અને એ ભગવાનને આપણે ખ્યાલમાં રાખીને કોઈ જીવને દુઃખ ના આપીએ તો એ ભગવાનની ભક્તિ થયા બરાબર છે અને એ ભગવાનની ભક્તિ કરતા જઈએ. અંદરવાળા ભગવાનને ઓળખીને, તો આપણી પણ જ્ઞાનની દશા ઊંચી આવતી જાય. અને તે પૂર્ણ થવા માટે છેલ્લે પોતે પોતાના જ આત્માની ભક્તિ કરવી પડશે.

---------------------------

પ્રશ્નકર્તાઃ કબુતરમાં જીવ છે. માણસમાં પણ જીવ છે. પથ્થરમાં તો જીવ નથી તો પછી બધા શીવજીની પથ્થરની મૂર્તિમાં કેમ પગે લાગે છે ?

પૂજ્યશ્રીઃ પથ્થરને આપણે શિવલીંગનો આકાર આપ્યો. પછી આપણે બધાયે શ્રધ્ધા ગોઠવી, આપણી બિલિફમાં ગોઠવ્યું કે આ શિવલીંગ છે પછી આપણે એને નમસ્કાર કરીએ છીએ. પછી નંદી ગોઠવે, પાર્વતી હોય, ગણપતી હોય એ બધું ગોઠવે ને ? ત્યારે એને ભગવાન તરીકે સ્થાપના કરીએ છીએ. એટલે શ્રધ્ધા ગોઠવીને પછી નમસ્કાર કરે છે. શ્રધ્ધાથી એની અંદર ભગવાનની સ્થાપના કરે એટલે પ્રતિષ્ઠા કરી કહેવાય. પ્રતિષ્ઠા કરવાથી મૂર્તિ પછી ફળ આપે. પોતાના આત્માને પૂરે પૂરો ઓળખ્યો નથી એટલે ભગવાનની મૂર્તિ તરીકે સ્થાપન કરીને નમસ્કાર કરે તો પરોક્ષ ભક્તિ થાય. પોતાના આત્માને ઓળખતા નથી એટલે માધ્યમ થુ ભક્તિ કરે છે. એટલે પરોક્ષ ભક્તિ કહેવાય. પરોક્ષ ભક્તિથી એને સંસારમાં સુખ શાંતિ, સારા મા-બાપ, સારો ધર્મ, સારા સંસ્કાર બધુ મળે. એટલે આ ભક્તિ કરવી જોઈએ એનાથી સંસારમાં આપણે સુખી થઈએ.



# વાર્તાલેખન સ્પર્ધાનું પરિણામ

બાળમિત્રો,

વાર્તાલેખન સ્પર્ધામાં ભાગ લીધેલાઓને ખૂબ ખૂબ અભિનંદન. બધી વાર્તાઓ અમને ખૂબ ગમી છે. ત્રણે ગ્રુપના વિજેતાઓની વાર્તાઓ આ અંકમાં પ્રકાશિત કરીએ છીએ. એમને પણ ખૂબ ખૂબ અભિનંદન. તમારા ઈનામો તમને ઘેર બેઠાં જ મળી જશે. આવી વિવિધ સ્પર્ધાઓ અમે યોજતા જ રહીશું. તમે બધા એમાં જરૂરથી ભાગ લેજો.

સ્પર્ધા સિવાય પણ તમે તમારી પોતાની બનાવેલી વાર્તાઓ, કવિતાઓ, અનુભવો વગેરે તમારા નાનકડા ફોટા સાથે અમને મોકલી આપી શકો છો જેથી અમે આગામી અંકમાં એને પ્રકાશિત કરી શકીએ.



## ગ્રુપ 'એ' - ૭ થી ૯ વર્ષ

# અભિમાની ભાઈ

નાનું એવું એક ગામ હતું. એ ગામમાં એક માણસને બે બાળકો હતા; એક દીકરો અને એક દીકરી. બન્ને ભાઈ-બહેનમાં ખૂબ સંપ. ભાઈનું નામ શનિ અને બહેનનું નામ ખુશી. બન્ને ભાઈ-બહેન સાથે રમે, સાથે ભણે, સાથે જમે તથા સાથે જ શાળાએ જાય. ભાઈ, બહેન કરતા ભણવામાં એક વર્ષ આગળ હતો. તેથી એ તેના પુસ્તકો સાચવીને રાખે, જેથી બીજા વર્ષે બેનને કામ લાગે. બહેનને કાંઈ ના આવડે તો ભાઈ તેને શીખવાડે. ભાઈ-બહેનનો આ સંપ જોઈ મા-બાપ ખૂબ રાજી થાય. બન્ને ભાઈ-બહેનમાં ભાઈ ખૂબ રૂપાળો હતો. તે ખૂબ સુંદર દેખાતો હતો. બહેન સામાન્ય દેખાવની હતી. નાના હતા ત્યારે એ લોકોને આ વાતની ખબર પડતી ન હતી. પણ મોટા થયા પછી આ વાતની ખબર પડવા માંડી. ભાઈને પોતાના રૂપનું અભિમાન થવા માંડ્યું. હવે તે બહેનથી દૂર રહેવા લાગ્યો. એકલો જ શાળાએ જાય, એકલો જ રમે, એકલો જ જમે અને એકલો જ ભણે. એક દિવસ બહેને ભાઈને તેના આવા વર્તનનું કારણ પૂછ્યું તો ભાઈએ તેને કહ્યું જો હું કેટલો બધો દેખાવડો છું. હું તારા કરતા પણ વધુ રૂપાળો છું. પછી તે બહેનને ચીડવવા લાગ્યો. 'બહેન મારી કાળી અને હું છું બહુ રૂપાળો' ભાઈના આવા વર્તનથી બહેનને ખૂબ દુઃખ થયું. તેણે ભાઈ સાથે કીટ્ટા કરી દીધી. આ વાત જાણી બન્નેના મમ્મી-પપ્પા ખૂબ દુઃખી થયા. એક દિવસ ભાઈ તેના મિત્રો સાથે રમતો હતો. રમતા-રમતા દોડવાથી ઠોકર વાગવાથી ભાઈ પડી ગયો અને તેને આંખ પાસે વાગ્યું. તેને ખૂબ લોહી નીકળ્યું. બહેન પણ ત્યાં જ રમતી હતી. તે દોડતી તેના ભાઈ પાસે આવી. ભાઈનું પોતાની સાથેનું ખરાબ વર્તન ભૂલી તેણે રૂમાલ વડે ભાઈનું લોહી સાફ કર્યું. તેને સાચવીને ઘરે લઈ ગઈ. મમ્મી ભાઈને ડોક્ટર પાસે લઈ ગઈ. ખૂબ ઊંડો ઘા થવાથી ભાઈને આંખ પાસે ખાડો પડી ગયો હતો અને ત્યાં ડોક્ટરે ટાંકા લીધા. ભાઈનો દેખાવ બગડી ગયો. ભાઈ ખૂબ દુઃખી રહેવા લાગ્યો. કોઈની સાથે બોલે નહીં. એકલો એકલો રડ્યા કરે. બહેનથી ભાઈનું આ દુઃખ જોવાતું નહીં. તે ખૂબ દુઃખી થતી. તે દિલથી ભાઈની સેવા કરવા લાગી. ભાઈ સાથે રમતી, જાત-જાતની વાતો કરતી. ભાઈને પણ બહેન સાથે

રમવાથી, વાત કરવાથી ખૂબ સારું લાગતું. આ બધું જોઈ બન્નેના મમ્મી-પપ્પા ખૂબ રાજી થતા. હવે ભાઈને પોતાના વર્તનનું ખૂબ દુઃખ થવા લાગ્યું. તેણે બહેનની માફી માંગી.

આ જોઈ તેના પપ્પાએ કહ્યું 'જોયુંને બેટા, માત્ર બહારથી સુંદર દેખાવું એટલું જ પૂરતું નથી, સારા ગુણો પણ હોવા જોઈએ. પપ્પાએ બહેનને કહ્યું, ''દીકરી, તારો દેખાવ ભલે સાધારણ હોય, પણ તારા સારા ગુણોને લીધે તું બધાને વહાલી લાગીશ.'' દેખાવ સાધારણ હોય કે સારો હોય, એનાથી કશો ફેર પડવાનો નથી. આ તો કુદરતી બક્ષિસ છે. માણસ પોતાના કર્મથી, પોતાના ગુણોથી સારો બને છે. અભિમાન કરનાર વ્યક્તિને હંમેશા નુકસાન જ થાય છે. મમ્મી-પપ્પાના વ્હાલ તથા બહેનની સેવાથી ભાઈ ખૂબ જ જલ્દી સારો થઈ ગયો. ત્યાર પછી ભાઇએ કોઈ દિવસ બહેનને ચીડવી નહીં. પોતાના દેખાવનું અભિમાન પણ ના કર્યું અને ભાઈ-બહેન પહેલાની જેમ સંપથી એક-બીજાની સાથે રહેવા લાગ્યા.

જોયુંને મિત્રો, માણસે પોતાના રૂપનું કે પોતાની આવડતનું ક્યારેય અભિમાન કરવું જોઈએ નહીં.

કારણ કે અભિમાન કરવાથી છેવટે નુકસાન જ થાય છે.

પારેખ ભક્તિ ચેતનભાઈ, વડોદરા,
ઉંમર વર્ષ : ૭



# ગ્રુપ 'બી' - ૧૦ થી ૧૨ વર્ષ

## પ્રેમ

આ વાત મારી એક સખી સ્નેહલની છે. તે ખૂબ જ શરમાળ અને ગભરુ છે. તે કદી પણ મોટા અવાજથી, પોતાની સખીઓ કે દોસ્તો સાથે ચર્ચા કરી શકતી નથી. હંમેશાં તે પાલતુ પ્રાણીઓથી ખૂબ જ ડરે છે અને હંમેશાં ખૂબ જ સાવધાનીથી કે અમુક અંતર રાખીને જ વ્યવહાર કરે છે.

એક દિવસ, જ્યારે સ્નેહલ સ્કૂલેથી ઘરે પાછી ફરતી હતી ત્યાં તેણે એક ચીસ સંભળાઈ, એક બિલાડીની ચીસ. તરત જ તે ચીસની વિરુદ્ધ દિશામાં દોડવા માંડી. તે ડરી ગઈ હતી. પણ ત્યાં જ તેણે બીજું એવું કશુંક સાંભળ્યું કે જેના કારણે તે ત્યાં ઊભી રહી અને શેનો અવાજ છે તે જાણવાનું તેને કુતૂહલ થયું. ''હું તને પકડીને જ જંપીશ, ગંદી બિલાડી... હું પણ જોઉં છું કે તું ક્યાં સુધી મારાથી ભાગીશ ?'' સ્નેહલે જોયું કે એક તોફાની છોકરો તે બિલાડીની પાછળ પથ્થર લઈને ભાગતો હતો અને બિલાડી તેનાથી બચવા ઝાડ પર ચડી ગઈ હતી.

''બંધ કર'' એવું સ્નેહલ એટલી જોરથી બોલી કે પેલા છોકરાના હાથમાંથી પથ્થર પડી ગયો. ''હમણાં ને હમણાં આ અટકચાળો બંધ નહીં કરે તો હું તરત જ પોલીસને બોલાવીશ.'' તે એટલું મોટેથી ચીસ પાડીને બોલી શકી તેનું, સ્નેહલને પોતાને આશ્ચર્ય થયું. તેની ચીસ સાંભળી ઝાડ પર બેઠેલી બિલાડી રડવા માંડી અને પેલા ગભરાયેલા છોકરાને તો જાણે પોતે એક ઉંદર હોય અને પેલી છોકરી ગર્જના કરતી સિંહ હોય તેવું લાગ્યું.

પેલો છોકરો હકીકતમાં ગભરાઇ ગયો કે હમણાં એ છોકરી પોલીસને બોલાવશે અને મારા તો "બાર" વાગી જશે, એમ વિચારી પવનથી પણ ઝડપથી દોડવા લાગ્યો. સ્નેહલ તરત જ ઝાડ પાસે પહોંચી અને બિલાડીને કહેવા લાગી, "હવે એ તને કદી હેરાન નહીં કરે, મારી પાસે આવી જા."

એક ક્ષણ માટે સ્નેહલ ભૂલી ગઈ કે તેને તો બિલાડીથી ડર લાગે છે. તે બિલાડી પાસે ગઇ અને હાથ લાંબો કરી તેને પકડવા માટે બોલાવવા લાગી. બિલાડી કૂદીને તેના બે હાથમાં સમાઇ ગઈ. ગભરાયેલી અને ઈજા પામેલી બિલાડીને બાથમાં ભરતા સ્નેહલ પોતાનો ડર ભૂલી ગઈ અને એ ડરની જગ્યા બિલાડીના પ્રેમથી ભરાઈ ગઈ.

"હાય મીની, તું ક્યાં ગઈ હતી ? હું તને ક્યારની ય શોધું છું." એમ બોલતાં બોલતાં એક ઘરડા દાદીમા ત્યાં આવી પહોંચ્યા. બિલાડી સ્નેહલનાં હાથમાંથી કૂદીને તરત જ દાદીમા પાસે પહોંચી ગઇ અને ખૂબ જ ખુશ થઈને "મ્યાઉં મ્યાઉં" કરવા લાગી. સ્નેહલને હવે સંતોષ થયો કે બિલાડી તેની સાચી અને રક્ષિત જગ્યાએ પહોંચી ગઇ છે. જ્યારે દાદીમાએ સ્નહેલ પાસેથી આખી વાત સાંભળી તો તેમણે સ્નેહલને સમય પર પહોંચીને મદદ કરવા બદલ ખૂબ જ શાબાશી આપી.

હવે, સ્નેહલને સમજાઇ ગયું કે કોઇ પણ નિર્દોષ પશુ, પંખી કે જીવ-જંતુઓને હેરાન કરવા એ ખૂબ જ ખરાબ ટેવ છે. તેણે હિંમત બતાવીને પેલા છોકરાને અટકાવ્યો અને બિલાડીને બચાવી. તેની પ્રેમ અને દયાની લાગણીએ તેના મનમાં રહેલા ડરને તેને હિંમત આપી. આ જ તો છે પ્રેમનું મહત્વ !

'પ્રેમ' આ બે અક્ષરમાં એવી તો તાકાત છે કે જે મુશ્કેલમાં મુશ્કેલ કામ પણ આસાન બની જાય છે. અસાધ્ય રોગનું પણ નિદાન મળી જાય છે. જે આપણે જીવનમાં કદી કલ્પ્યું પણ ન હોય, તે કામ આપણે પોતે જ પલભરમાં કરી શકીએ છીએ. પ્રેમ એ ભગવાનની ભેટ છે. તો, આપણે પણ આ અમૂલ્ય ભેટનો સદુપયોગ કરીને માનવજગતનાં કલ્યાણ અર્થે કંઈક અવિસ્મરણીય કાર્ય કરવાનો પ્રયત્ન કરીએ.

દ્રીજા આર. બનભાયા, અમદાવાદ
ઉંમર વર્ષ : ૧૦



# ગ્રુપ 'સી' - ૧૩ થી ૧૫ વર્ષ

## પ્રતિક્રમણની તાકાત

સ્કૂલમાં આજે છેલ્લો દિવસ હતો. બધા બાળકો વેકેશનમાં પોતે શું કરવાના છે એ વિષે ચર્ચા કરતાં હતાં. ત્યાં જ સ્કૂલના પ્રિન્સિપાલે જાહેર કર્યું કે, "ઉનાળા વેકેશનમાં ધોરણ સાતના વિધાર્થીઓને ટ્રેકીંગ માટે માઉન્ટ આબુ લઈ જવાનું નક્કી કરવામાં આવ્યું છે. ટ્રેકીંગનો તમામ ખર્ચ દેશની જાણીતી-માનીતી સામાજિક સંસ્થાએ ઉપાડ્યો છે. માટે કોઈએ 'ફી' બાબતે ચિંતા ન કરવી." ટ્રેકીંગનું નામ સાંભળતા જ બાળકોનાં ઉત્સાહનો પાર ન રહ્યો.

સોહમ અને પલક ભાઈ-બહેન હતા. તેઓ ભણવામાં ખૂબ હોશિંયાર, બહાદુર અને શાંત સ્વભાવના હતા. પરંતુ એક રેલ્વે અકસ્માતમાં એમના માતા-પિતા મૃત્યુ પામ્યા હતા. આટલી નાની ઉંમરમાં આ આઘાત એમના માટે અસહ્ય હતો. પરંતુ હિંમત હાર્યા વગર કાકાને ઘેર રહીને પણ એમણે અભ્યાસ ચાલુ રાખ્યો. તેઓ તમામ પરીક્ષામાં આગળ જ નંબર લાવતા. પણ તેઓ ક્યારેય કોઈ પ્રવાસમાં જોડાતા નહીં. તેઓ કાકા-કાકી ઉપર પ્રવાસનો ખર્ચ નાખી તેમના પર બોજ બનવા માગતા નહોતા. પરંતુ આ ટ્રેકીંગની ટૂર વિનામૂલ્યે હોવાથી આ બન્ને ભાઈ-બહેન તથા અન્ય ગરીબ બાળકો પણ ટૂરનો લાભ લઈ શકે તેમ હતા. તેથી આ જ વર્ગમાં અભ્યાસ કરતા બે ધનવાન વર્ગના વિદ્યાર્થીઓ રાજુઅને મોહન ઈર્ષ્યા પામ્યા. તેમણે સોહમ અને પલકને કોઈ વાંકમાં લાવીને પ્રિન્સિપાલ પાસે ઠપકો અપાવવાની યુક્તિ વિચારી.

આખરે ટ્રેકીંગ પર જવાનો દિવસ આવ્યો. સવારે પાંચ વાગ્યે સ્કૂલમાંથી બે બસ ભરી બાળકો ઉતર્યા. બસમાંથી ઉતર્યા બાદ રાજુઅને મોહન એક ઝાડ પાસે જઈ સંતાઈ ગયાં. રાજુઅને મોહને બૂમો પાડી: ''દીપડો આવ્યો... દીપડો આવ્યો... ભાગો... ભાગો...''

પ્રિન્સિપાલ કોઈ સૂચના આપે તે પહેલા બધા બાળકો ડરીને આમતેમ ભાગવા લાગ્યા. સોહમ અને પલક પણ ભાગતાં ભાગતાં એક ખાડા પાસે આવ્યા અને તેમાં સંતાઈ ગયા.

થોડીવારમાં શાંતિ છવાઈ ગઈ. સોહમ અને પલક ગભરાયેલા હતાં. એટલામાં દુરથી કોઈના પગલાં સંભળાયા અને વારેવારે હસવાનો પણ અવાજ આવતો હતો. સોહમે બહાર નજર કરી તો રાજુઅને મોહન આવતા દેખાયા. રાજુઅને મોહન ખુશ થતાં હતાં અને હસતાં હતાં. સોહમ અને પલક સમજી ગયા. એમણે તરત જ નક્કી કર્યું કે તેઓ પ્રિન્સિપાલને આ વાત કહી દેશે.

ત્યાં તો મોહને બૂમ પાડી, ''દીપડો આવ્યો... દીપડો આવ્યો...'' રાજુતેની વાત મજાક સમજી હસવા લાગ્યો પણ મોહન ગભરાઈ ગયેલો હતો. ત્યાં સાચે જ એક દીપડો આવતો હતો. રાજુએ દીપડાને જોયો. તે પણ ગભરાઈ ગયો. રાજુઅને મોહન બન્ને દોડવા લાગ્યા. આ બધું સોહમે જોયું. એને દયા આવી.

સોહમ અને પલકે ચપળતાથી રાજુઅને મોહનને ખાડામાં સંતાડી દીધા. પછી બધા ચૂપચાપ, અવાજ કર્યા વગર છુપાઈને એકબીજા સામે જોવા લાગ્યા. દીપડો ખાડામાં નજર પણ નાખ્યા વિના જતો રહ્યો. ત્યાર બાદ ચારેય ખાડામાંથી બહાર આવ્યા.

રાજુ અને મોહનના ગાલ પર આંસુઓ વેરાઈ રહ્યાં હતા. બન્ને શરમ અનુભવતા હતા. બન્ને એ મનમાં પ્રાયશ્ચિત કરવાનું શરૂ કરી દીધું. સોહમ એ બન્નેના મનની ગડમથલ સમજી ગયો. એ રાજુને બાઝીને રડી પડ્યો. રાજુએ આ વાત પ્રિન્સિપાલને ન જણાવવા વિનંતી કરી. સોહમે તેમને માફ કરી દીધા. સોહમ અને પલકે રાજુ-મોહનને જેટલા વિદ્યાર્થીઓને પરેશાન કર્યા હતા, ખીજવ્યા હતા, તેમના પ્રતિક્રમણ કરીને દાદા ભગવાન પાસે શક્તિ માંગી. ત્યારબાદ ચારેય ટ્રેકીંગમાં જતા રહ્યા. ચારે બાજુખુશીનું મોજું ફરી વળ્યું. રાજુઅને મોહન પણ સુધરી ગયા. પ્રતિક્રમણની તાકાતથી રાજુઅને મોહન સૌ બાળકોના મિત્ર બની ગયા.

વાચકમિત્રો, જોઈ, પ્રતિક્રમણની તાકાત !

પટેલ કેવલ અનિલભાઈ, સુરત
ઉંમર વર્ષ : ૧૩

Akram Express
June 2009
Year : 1, Issue : 10
Conti. Issue No.: 10

BALVIGNAN

RNI No. GUJGUJ/2008/26729
Reg. No. GAMC - 1690
LPWP Licence No. CPMG/GJ/27/2009-2011
valid up to 31-12-2011
Posted at AHD. P.S.O. Sorting Office Set-1
on 08th of every month

## ગયા અંકની કલમ 'મારી સમજણ'નો પ્રતિભાવ

મેં આવીને જોયું કે મમ્મી હમણાં જ બહારથી આવી છે. તેથી તે બહુ થાકી ગઇ હશે એટલે હું મમ્મીને કહીશ કે રસોઇ તૈયાર નથી થઇ તો કાંઇ વાંધો નહીં, હું બીજું કંઇ પણ ખાઇ લઇશ અને એડજસ્ટમેન્ટ લઇ લઇશ અને હું તેમને રસોઇ કરવામાં મદદ કરીશ. મમ્મી જોડે હું અથડામણ કરીશ તો બન્નેને નુકસાન થાય છે. માટે હું એડજસ્ટ થઇ જઇશ.

**ડોબરીયા વૈશાલી બી. રાજકોટ,**
**ઉંમર વર્ષ : ૧૩**

## હા...હા...હી...હી...

છગનલાલ એક દુકાનમાં મચ્છરદાની લેવા જાય છે. દુકાનદારે મચ્છરદાની બતાવતા કહ્યું, લો સાહેબ, આમાં એક મોટું કાણું છે. જેમાંથી પચાસેક જેટલા મચ્છર અંદર જઇ શકશે.

છગનલાલ : થોડી સારી કવોલીટીની મચ્છરદાની બતાવો.

દુકાનદારે બીજી મચ્છરદાની બતાવી. એમાં થોડું નાનું કાણું હતું. એ જોઇને, છગનલાલ : આમાંથી કેટલા મચ્છર અંદર જઇ શકશે ?

દુકાનદાર : વીસેક.

છગનલાલ વધુ ને વધુ સારી ક્વાલિટીની મચ્છરદાની બતાવવા કહે જતા હતા.

અંતે દુકાનદારે એક મચ્છરદાની બતાવતા કહ્યું, ''સાહેબ, આમાં એક પણ કાણું નથી. તેથી એક પણ મચ્છર અંદર નહીં જઇ શકે.'' આ સાંભળી છગનલાલે દુકાનદારને એક થપ્પડ મારતા કહ્યું, ''અરે ધનચક્કર, એક પણ મચ્છર અંદર નહીં જઇ શકે તો હું કેવી રીતે અંદર જઇશ ?''

## મારી સમજણ

**આ અંકમાંથી તમને મશ્કરી કરવાના ક્યા ક્યા જોખમો સમજાયા છે તે જણાવો.**

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક, મુદ્રક અને તંત્રી - શ્રી ડિમ્પલભાઇ મહેતા દ્વારા અંબા ઑફસેટ - પાર્શ્વનાથ ચેમ્બર્સ, ઉસ્માનપુરા, અમદાવાદ - ૧૪ ખાતે છપાવી પ્રકાશિત કર્યું છે.